PGVCL — પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ — PGVCL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ-મેઈલ :- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૮/કવા-૦૩/૧૬-૧૭/ ૧૧૧૧૮ તા. ૧૪/૧૧/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રબારી હમીરભાઈ મેરામણ વંશ,
નવા પ્લોટ,
મુ. પોસ્ટ : ટોબરા,
તા.સુત્રાપાડા,
જી. ગીર સોમનાથ
પીનકોડ-૩૬૨૨૬૮
મો: ૭૨૮૪૦ ૨૦૮૬૮

**વિષય :-ઘરવપરાશ ના જોડાણ ના બીલીંગ બાબત**
**સંદર્ભ:- આપની અરજી , તા. ૧૯-૧૦-૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૮/કવા-૦૩/૧૬-૧૭)**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ,

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વેરાવળ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,પ્રાચી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No :- 06 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૧૮/ક્વા–૦૩/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૧૪–૧૨–૧૬ | સ્થળ :જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: રબારી હમીરભાઈ મેરામણ વંશ,ગામ: ટોબરા,**

**રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.**

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.:–(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,પ્રાચી (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વેરાવળ)**

**રજુઆત કરનાર :આર.કે.મોરી, એસ.એ.રેવન્યુ, વિભાગીય કચેરી વેરાવળ**

## : હુકમ :

**ફરીયાદ : ઘરવપરાશ ના જોડાણ ના બીલીગ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી, તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ ગામ: ટોબરા ખાતે, ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૧૩૨૮/૦૦૫૧૫/૧ ધરાવે છે. હાલ, પીજીવીસીએલ તરફથી, તેઓ શ્રી ના જોડાણ મા, તા.૨૯–૦૨–૧૬ ના રોજ લગાડવામા આવેલ નવા મીટર નુ, તા.૧૧–૦૭–૧૬ ના રોજ જે, ૯૧૪ યુનીટ નુ રૂ.૫,૫૯૧/૨૦ નુ, માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૬ નુ વીજબીલ આપવામા આવેલ છે, તે વીજબીલ, તેમના જોડાણ ના જુના મીટર ના આધારે બનાવેલ હોય, જેથી, સદર વીજબીલ વાસ્તવિક વીજવપરાશી યુનીટ થી વિશેષ હોય, સદર વીજબીલ ને ન્યાયિક અને વ્યાજબી ધોરણ હેઠળ મુલવવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની, મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, સદર જોડાણ ના બીલીંગ રેકર્ડ આધારીત ખરાઈ કરતા જણાયેલ છે કે, ફરીયાદી અરજદાર શ્રી નુ, સદર ગામ: ટોબરા ખાતે નુ, ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૧૩૨૮/૦૦૫૧૫/૧ જે અગાઉ તા.૧૩–૦૩–૧૫ ના રોજ થી રીલીઝ થયેલ હતુ. તે જોડાણ નુ મીટર ખરેખર તા.૨૯–૦૨–૧૬ ના રોજ, સ્થળ પરથી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. પરંતુ, ઈ–ઉર્જા મા સીસ્ટમ એરર ના કારણોસર સદર મીટર ની રીપ્લેસમેન્ટ તા.૨૯–૦૨–૧૬ ને બદલે, તા.૧૪–૧૦–૧૬ નોંધાયેલ હતી. આવા કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી ને, સવાલવાળા મીટર ના, સ્થળ પર ની હૈયાતી ના ૨૨૮ દિવસો માટે, જોડાણ મા પ્રસ્થાપિત થયેલ પ્રતિદીન ૦૪ યુનીટ ની ગણતરીએ, સવાલવાળુ માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર–૧૬ નુ તા.૧૧–૦૭–૧૬ ના રોજ સવાલવાળુ વીજબીલ અપાયેલ હતુ. |
| ૨.૨ | આમ, ઉપરોકત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ના, ખરેખર તા.૨૯–૦૨–૧૬ ના રોજ પેપર પેક થયેલ મીટર ને તા.૨૪–૧૧–૧૬ ના રોજ, ફરીયાદી અરજદાર શ્રી ની હાજરી મા લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચેકીગ દરમ્યાન મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. આમ, મીટર તાંત્રીક રીતે યોગ્ય હોય, જેથી તેમા નોંધાયેલ યુનીટ પણ જોડાણ મા જોડાયેલ વીજભાર અન્વયે થતા વીજવપરાશ મુજબ ના જ છે. આમ, મીટર ઉતારતા સમયે જણાયેલ છેલ્લા રીડીગ માથી, અગાઉ ના બીલીગ સમયગાળા ના વાસ્તવિક મીટર રીડીગ વાળા યુનીટ બાદ કરતા, અને બાકી રહેતા ૯૧૪ યુનીટ નુ, ફરીયાદી અરજદાર શ્રી ને સવાલવાળુ માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર–૧૬ નુ, ૯૧૪ યુનીટ નુ રૂ.૫,૫૯૧/૨૦ નુ તા.૧૧–૦૭–૧૬ ના રોજ વીજબીલ અપાયેલ હતુ. સદર વીજબીલ મા દર્શાવવામા આવેલ ૯૧૪ યુનીટ, જે અગાઉ ના નિયમીત વીજબીલીગ દરમ્યાન ચડત / પડતર યુનીટ મુજબ ના હોવાની બાબત રેકર્ડ આધારીત સ્પષ્ટ છે. આમ, સદર ૯૧૪ યુનીટ ની વીજવપરાશ નો સમયગાળો, જે મીટર ઉતાર્યા પહેલાના ૨૨૮ દિવસો નો હોવાની બાબત પણ સ્પષ્ટ છે. આમ, ચડત / પડતર યુનીટ વાળા માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર–૧૬ ના ૯૧૪ યુનીટ નુ, ૨૨૮ દિવસ મા વિભાજન કરતા, પ્રતિદીન ૦૪ યુનીટ નો સરેરાશ વીજવપરાશ, જે વાસ્તવિક જણાયેલ |

| | |
|---|---|
| | છે. જેથી, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ સદર ૯૧૪ યુનીટ નુ રૂ.૫,૫૯૧/૨૦ નુ જે વીજબીલ, જે ૨૨૮ દિવસો એટલેકે આશરે ૦૬ માસ ના, એટલેકે કુલ ૦૩ દ્રીમાસીક બીલીગ સમયગાળા મા વિભાજીત કરવાની બાબત, પીજીવીસીએલ ને નિયમાધીન યોગ્ય અને વ્યાજબી જણાયેલ હતી. જેથી, સદર ૯૧૪ યુનીટ ની ગણતરીએ થતી ૫,૫૯૧/૨૦ ની ગણતરીએ થતી રકમ નુ સદર વીજબીલ, જે ૦૩ દ્રીમાસીક બીલીગ મા વિભાજીત થતા, વિભાજન અન્વયે ની, રીવાઇઝ ગણતરી મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ને, સદર વીજબીલ ની કુલ રકમ રૂ.૫,૫૯૧/૨૦ ની રકમ સવાલવાળી રકમ માથી, રૂ.૧,૨૩૨/– જમા આપવા યોગ્ય જણાતા, પીજીવીસીએલ તરફથી સદર વીજબીલ પેટે, જમા આપવા પાત્ર રકમ રૂ.૧,૨૩૨/–, જે અરજદાર ના સદર જોડાણ ના બીલીગ ખાતામા જમા અપાયેલ છે. અને સદર વીજબીલ પરત્વે બાકી રહેતી રકમ પણ, અરજદારે પીજીવીસીએલ મા જમા કરી આપેલ છે. પીજીવીસીએલ ની આ કામગીરી થી અરજદાર શ્રી ને સંતોષ થયેલ છે. અને તેઓ શ્રી ને હવે સદર વીજબીલ બાબતે પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોય, તે મુજબ નો તા.૦૨–૧૨–૧૬ ના રોજ ના લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ મા રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨.૧ હેઠળ ની વિગતો મુજબ ની બાબતો ને આનુષાંગીક રહી, અને મુદ્દા નં.૨.૨ મા વર્ણવ્યા મુજબ ની વિગતે, સવાલવાળા વીજબીલ ની રકમ ની, કુલ ૦૩ દ્રીમાસીક વીજબીલો મા વિભાજન કરવાની કાર્યવાહી, જે પીજીવીસીએલ તરફથી સંપન્ન થયેલ છે. આમ થતા, ફરીયાદી અરજદાર શ્રી ના સવાલવાળા વીજબીલ ની સવાલવાળી કુલ રકમ રૂ.૫,૫૯૧/૨૦ માથી, રૂ.૧,૨૩૨/– જમા આંપવા પાત્ર રહેલ છે. જેથી,પીજીવીસીએલ તરફથી સદર વીજબીલ પેટે, રૂ.૧,૨૩૨/–, જે અરજદાર શ્રી ના બીલીગ ખાતામા જમા અપાયેલ છે. જે, ફરીયાદી અરજદાર શ્રી એ રાજીખુશી અને સંમતી થી માન્ય રાખેલ છે. તેમજ, સદર વીજબીલ પેઠે બાકી રહેતી રકમ પણ, અરજદારે પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ છે. આમ, હવે સદર વીજબીલ બાબતે પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોય, તે મુજબ નો ફરીયાદી અરજદાર શ્રી એ તા.૦૨–૧૨–૧૬ ના રોજ નો, લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ મા રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ની ફરીયાદ નુ, તેઓ શ્રી ના તા.૦૨–૧૨–૧૬ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**(ટી.બી.ભીમાણી)**
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..